

રાષ્ટ્રીય બાલિકા દિવસની ઉજવણી સેક્ટર-૨૨માં બેકરી ધરાવતા નરેન્દ્રભાઈ વ્યાસે અનોખા અંદાજમાં કરી હતી. તેઓએ પોતાના પત્નિ સાથે આસપાસ રહેતી નાની જરૂરીયાતમંદ બાળાઓને પગરખાંનું વિતરણ કર્યું હતું અને તેઓને ટાઢ-તડકાથી રક્ષણ આપ્યું હતું.

# ચૂંટણી ટિકિટ માટે ભાજપના બે નેતાઓની વચ્ચે મારામારી

## ચૂંટણી જાહેર થતાં ઉમેદવારોમાં લોબિંગ શરૂ : ગિરીશ પ્રજાપતિ, યુવા મોરચાના લવ ભરવાડ પત્ની માટે ટિકિટની માગ કરી છે જે અંગે તેમની વચ્ચે માથાકૂટ થઈ

નરોડા, તા. ૨૪

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની જાહેરાતની ઘણા સમયથી રાહ જોવાઈ રહી હતી. ગઈ કાલે ચૂંટણી બોર્ડે આગામી કોર્પોરેશન સહિતની અન્ય ચૂંટણીઓની તારીખો જાહેર કરતા જ ઉમેદવારો ટિકિટ મેળવવા માટે લોબિંગ શરૂ કરી દીધું છે. આ વચ્ચે અમદાવાદ કોર્પોરેશનમાં નરોડા વિસ્તારમાં ટિકિટ માટે ભાજપના કોર્પોરેટર અને યુવા મોરચાના સભ્ય વચ્ચે મારા મારી થઈ છે.

ચૂંટણીની તારીખો જાહેર થતા જ ભાજપ અને કોંગ્રેસમાં ઉમેદવારનોની પસંદગી કરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. ભાજપ દ્વારા સેન્સ પ્રક્રિયા યોજવામાં આવી રહી છે ત્યારે ટિકિટ બાબતે નરોડા વિસ્તારમાં આ મારામારીની ઘટના સામે આવી છે.ભાજપના કોર્પોરેટર ગિરીશ પ્રજાપતિએ પોતાની પત્ની માટે ટિકિટ માંગી હતી જ્યારે યુવા મોરચાના કારોબારી સભ્ય લવ ભરવાડે પણ પત્ની માટે ટિકિટ માંગી હતી. આ બાબતે ઉશ્કેરાયલયેલા લવ ભરવાડે દેવી સિનેમાંથી ૫૦ મીટર દૂર માર માર્યો છે. આ ઘટનામાં ગિરિશ પ્રજાપતિ અને તેમના ભાઈને ઈજા પહોંચતા ખાનગી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ઘટનાની જાણ થતા પોલીસની પીસીઆર વાન ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને પ્રજાપતિ અને ભરવાડની શોધ કરવાનો પ્રયાસ કર્યો હતો. આ ઘટના અંગે હજુ સુધી કોઈ પોલીસ ફરિયાદ કરવામાં આવી નથી. જો કોઈ પણ પક્ષ સામે આવે અને પોલીસ ફરિયાદ કરે તો પોલીસ આગળની કાર્યવાહી કરશે.

સ્થાનિક સ્વરાજ્યની આ ચૂંટણીને પગલે ભાજપે આજથી જ રાજ્યમાં ત્રણ દિવસ માટે સેન્સ પ્રક્રિયાની શરૂઆત કરી છે. ૮ વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીમાં ફુલ્લી પાસ થયેલા સી.આર પાટીલ હવે સ્થાનિક સ્વરાજ્યનો જંગ જીતવા કમર કસી રહ્યા છે.

## છેલ્લે... છેલ્લે...

- સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં મનપા અને પંચાયતના પરિણામો અલગ અલગ જાહેર કરવાના નિર્ણયને કોંગ્રેસે પડકાર આપ્યો છે.
- તામિલનાડુમાં રાહુલ ગાંધીના રોડ શૉ માં ભીડ ઉમટી.
- રાજકોટના જિલ્લા ગાર્ડન ખાતે બર્ડ ફ્લુની દહેશત. છ પક્ષીઓના મોત.
- રાજકોટના ખડવાવડી ગામે દીપડાએ ૧૬ બકરીઓનુ મારણ કર્યુ.
- ગુજરાત કોંગ્રેસમાં નીરિક્ષક તરીકે છત્તીસગઢના ગૃહમંત્રી તામ્રધ્વજ શાહુની નીમણૂંક કરાઈ.
- પાટીયાલામાં જહાનવીકપૂર અને તેની ટીમનુ ફિલ્મનુ શુટીંગ ખેડૂતોએ અટકાવતા ટીમ હોટલ પરત.
- અમદાવાદથી ભૂજ જઈ રહેલી માલગાડીના બે ડબ્બા પાટા પરથી ખડી પડ્યા.
- વડોદરા ભાજપ વોર્ડ નં. ૯ ના સો થી વધુ કાર્યકરોએ રાજીનામા આપ્યા.
- અમેરિકાના ઉપ રાષ્ટ્રપતિ કમલા હેરીસે કાર્યભારનો પ્રારંભ વૈદિક મંત્રોચ્ચારથી કર્યો.
- આંધ્રપ્રદેશમાં વેક્સિન લીધા બાદ આશા વર્કરનું મોત.

# રાજ્યમાં કોરોના સંક્રમણના નવા ૪૧૦ દર્દીઓ નોંધાયા

## અત્યાર સુધીમાં કુલ ૨૫૦૦૫૬ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા : ૨૪ કલાકમાં અમદાવાદમાં નવા ૯૨ કેસ

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાતમાં કોરોના હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો છે. રાત્રી કર્ફ્યૂ બાદ સ્થિતી ધીરે ધીરે થાળે પડી રહી હોય તેમ આંકડા ધીરે ધીરે ઘટવા લાગ્યા છે. લાંબા સમય બાદ સતત કોરોનાના કેસનો આંકડો ૧૦૦૦ ની નીચે આવ્યો છે. તો કોરોના સિટી તરીકે ઓળખાતા અમદાવાદમાં ૧૦૦થી નીચે કેસ આવ્યા છે. આજે રાજ્યમાં નવા ૪૧૦ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૭૦૪ નવા દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૨,૫૦,૦૫૬ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે.

રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૬.૫૧ ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. જો કે આશ્ચર્યજનક રીતે કેટલા ટેસ્ટ કરવામાં આવ્યા તે અગાઉ આંકડો દર્શાવાતો હતો. જે હવે બંધ કરી દેવાયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સરકાર પર ટેસ્ટિંગ ઘટાડીને કેસ ઘટાડવામાં આવી રહ્યા હોવાનાં આરોપો લાગતા રહ્યા છે. તેવામાં ટેસ્ટિંગની સંખ્યા દેખાડવાનું બંધ કરી દેવાતા અનેક તર્ક વિતર્કો થઈ રહ્યા છે. તો બીજી તરફ કેટલા લોકોને ક્વોરન્ટાઈન કર્યા તે અંગેની માહિતી પણ આપવાનું બંધ કરી દેવામાં આવ્યું છે.

જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૪,૬૬૫ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૪૮ છે. જ્યારે ૪,૬૧૭ લોકો સ્ટેબલ છે. ૨,૫૦,૦૫૬ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૪૩૭૬ લોકોનાં મોત નિપજ્યા છે. આજે ૦૧ વ્યક્તિનું મોત નિપજ્યું છે. મહિસાગરમાં ૦૧ વ્યક્તિનું કોરોનાને કારણે મોત નિપજ્યું છે. આ પ્રકારે ગુજરાતમાં માત્ર ૦૧ મોત કોરોનાને કારણે નિપજ્યું છે.

## પ્રાંતિજ પોલીસે દારૂ પીધેલી હાલતમાં એક બાઈકસવારને ઝડપી પાડ્યો

પ્રાંતિજ, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ પોલીસે દારૂ પીધેલી હાલતમાં એક બાઈકસવારને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી માહિતી મુજબ પ્રાંતિજના કમાલપુરની સીમમાં પ્રાંતિજ પોલીસ સર્વિસ રોડ ઉપર ટ્રાફિક નિયમ કરતી હતી તે દરમ્યાન ગલતેશ્વર ત્રણ રસ્તા બાજુમાંથી બાઈકસવાર કેતનસિંહ કાનસિંહ મકવાણા ઉ.વર્ષ-૩૦ રહે. પ્રાંતિજ ગલેચી ભાગોળ, ટીંબાવાસ પોતાના બાઈક સાથે આમતેમ લથડીયા ખાતો હોય તેને ઉભો રાખી બ્રિથ એનેલાઈઝર મશીન સદરી ઈસમના મોઢામાં મુકી શ્વાસોશ્વાસ કરાવી જોતાં મશીનમાં ૩૬ ટકા દારૂ પીધેલાના પોઈન્ટ બતાવતા તેની પાસે દારૂ પીવા બદલનુ પરમીટ માગતા મળી નહી આવતા બાઈક જીજે૦૨.સીઈ.૩૭૮૮ બાઈક ચાલક વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસે મોટરસાઈકલ એક્ટ કલમ ૧૮૫ મુજબ ગુનો નોધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



ભારતમાં સૌથી મોટો વેક્સિનેશન કાર્યક્રમ ૧૬મી જાન્યુઆરીથી શરૂ કરવામાં આવ્યો છે તને ગુજરાત સરકારે પણ જો સૌથી અગત્યનું કાર્યક્રમની શરૂઆત કરી દીધી છે ત્યારે પ્રથમ ફેઝમાં હેલ્થ વર્કર્સ શરૂ કરવામાં આવી છે. અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના પાલ્લાં ગામમાં આવેલા રાજ્ય સરકારના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના બુથમાં તા. ૨૪ના રોજ વેક્સીનેશન કાર્યક્રમ યોજાયો હતો જે અંતર્ગત પ્રથમ ગામની આસપાસના આરોગ્ય કેન્દ્રના હેલ્થ વર્કર તથા પેરામેડીકલ સ્ટાફને વેક્સિન આપવામાં આવી હતી. જેમાં નર્સિંગ સ્ટાફમાં ફરજ બજાવતી ગાંધીનગરની કોમલ સહિત સમગ્ર સ્ટાફે વેક્સીન લીધી હતી.



**પ્રાંતિયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં કોરોના વોરિયર્સ આરોગ્યકર્મી આશા વર્કરોનું વેક્સીનેશન થયું**

ગાંધીનગર જિલ્લામાં કોરોના વોરિયર્સનું વેક્સીનેશન કામગીરીમાં ગાંધીનગર તાલુકાના પ્રાંતિયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ચિલોડા ખાતે ફરજ બજાવતા કોરોના વોરિયર્સ આરોગ્યકર્મી આશાવર્કર, આંગણવાડી-હેલ્થવર્કરોને રસી આપી આરક્ષિત કરવામાં આવ્યા.



**પ્રાંતિજ ખાતે શ્રી રામજન્મ ભૂમિ મંદિર નિર્માણ નિધી સમર્પણ અભિયાનની શરૂઆત**

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે શ્રી રામજન્મ ભૂમિ મંદિર નિર્માણ નિધી સમર્પણ અભિયાનની આજથી શરૂઆત કરવામાં આવી છે. પ્રાંતિજ ખાતે કાર્યરત વિશ્વ હિન્દુ પરિષદ તથા સંઘ અને પ્રાંતિજ શહેર પ્રખંડ કાર્યકર્તાઓ દ્વારા આજે પ્રાંતિજ ખાતે આવેલ એપ્રોચરોડ ઉપર આવેલ સોસાયટીઓમાથી યોગેશ્વર સોસાયટીમાંથી શ્રી રામ જન્મભૂમિ મંદિર નિર્માણ નિધી સમર્પણ અભિયાનમા આજથી નટુભાઈ બારોટ સહિત ટીમના કાર્યકરો જોડાયા હતા અને સોસાયટીઓમાથી શુભ શરૂઆત કરવામાં આવી હતી.

## પ્રાંતિજ પોલીસે છ લિટર દેશી દારૂ સાથે એક ઈસમને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી

પ્રાંતિજ, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકામાં દેશી દારૂનું ખુલ્લેઆમ ધુમ વેચાણ છતાં પ્રાંતિજ પોલીસે છ લિટર દેશી દારૂ પકડીને પ્રાંતિજ પોલીસે સંતોષ માન્યો હતો.

પ્રાંતિજ પોલીસ દ્વારા ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન ચંચળાબા નગર ખાતે દેશી દારૂનું વેચાણ થતુ હોવાનું બાતમી મળતા પ્રાંતિજ પોલીસ દ્વારા તપાસ કરતાં ભીખાજી ઉર્ફે જીલુજી સોમાજી મકવાણા ચંચળાબાનગર તેના રહેણાંક મકાનની બાજુમાં ખુલ્લી જગ્યામાં બેસીને દેશી દારૂનું વેચાણ કરતો હોય તેની પાસેથી પ્લાસ્ટિકના કેનમા વગર પાસ પરમીટ વગર દેશી દારૂ લીટર-૬ જેની કિંમત ૧૨૦ જે વેચાણ કરવા માટે બેઠેલ હોય પોલીસ રેઈડ દરમ્યાન મળી આવતા પ્રાંતિજ પોલીસે આઈપીસી કલમ-૬૫ એ મુજબ ગુનો નોધી અટકાયત કરી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાંતિજ સહિત તાલુકામાં ખુલ્લેઆમ દેશી દારૂના અડ્ડાઓ ધમધમી રહ્યા છે ત્યારે પ્રાંતિજ પોલીસ દ્વારા હાલ તો માત્ર છ લિટર ૧૨૦ રૂપિયાનો દેશી દારૂ પકડીને મોટુ તીર માર્યું હોય તેવું જણાઈ આવે છે.

### કોરોના વચ્ચે ગુજરાતમાં બોર્ડની પહેલી પરીક્ષા

# અમદાવાદની દિવ્યાંગ દીકરી કલગી પણ નેશનલ ઓપન સ્કૂલિંગની સૌ પહેલી પરીક્ષાર્થી બનશે

## ગુજરાતમાં નેશનલ ઓપન સ્કૂલિંગમાંથી ધોરણ-૧૨ની પરીક્ષામાં સૌ પ્રથમ પરિક્ષાર્થી બનશે દિવ્યાંગ દીકરી કલગી રાવલ

અમદાવાદ

સમગ્ર દેશમાં શરૂ થઈ રહેલી નેશનલ ઓપન સ્કૂલિંગની ધોરણ૧૨ની પરીક્ષામાં અમદાવાદની સૌ પહેલી દિવ્યાંગ દીકરી કલગી રાવલ પણ પરિક્ષાર્થી બનશે, કોરોનાના ૯ મહિના દરમિયાન સામાન્ય વિદ્યાર્થીઓ ઓનલાઈન ભણી રહ્યા હતા તયારે કલગીએ કોઈ પણ શિક્ષક કે શાળા વિના ઘેર બેસીને બ્રૈલી ની અંગ્રેજી મીડીયમની પરીક્ષાની તૈયારી કરી હતી.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ કે સેન્ટ્રલ બોર્ડની પરીક્ષા તો મે માં યોજાશે પણ ગુજરાત માં સૌથી પહેલા નેશનલ ઓપન સ્કૂલિંગ ની ધોરણ૧૨ ની ઓક્ટોબરમાં મોકૂફ રહેલી પરીક્ષા ૨૭ જાન્યુઆરીથી યોજાઈ રહી છે,

આ પરીક્ષા માટે અમદાવાદ ની દિવ્યાંગ કલગી રાવલે પણ ફોર્મ ભર્યું હતું અને કોરોનાના સમય દરમિયાન ઘેર બેસીને કોઈ પણ શિક્ષક કે શાળા સિવાય જાતે મોબાઈલના માધ્યમથી પરિક્ષા ની સંપૂર્ણ તૈયારી કરી હતી, કલગી રાવલ એ અમદાવાદ ની પહેલી વિદ્યાર્થીની છે કે, જે ધોરણ ૧૦ પછી સીધી ધોરણ૧૨ ની પરીક્ષા આપશે, કલગી એ પહેલી વિદ્યાર્થીની છે કે જે કોરોના સમયમાં યોજાનારી ધોરણ૧૨ ની નેશનલ ઓપન સ્કૂલિંગ ની પરીક્ષા માં બેસશે.

કલગી એ અગાઉ પણ ધોરણ ૫ સુધી સામાન્ય શાળામાં અભ્યાસ કર્યા બાદ ડાયરેકટ ધોરણ૧૦ ની પરીક્ષા ગુજરાત બોર્ડમાંથી આપી હતી, તે પછી સીધી જ ધોરણ૧૨ ની નેશનલ ઓપન સ્કૂલિંગમાંથી પરીક્ષા આપી રહી છે, એટલે કે ધોરણ૧૦ માં ગુજરાતના સામાન્ય વિદ્યાર્થીઓ સાથે કલગી રાવલે હરીફાઈ માં રહી ને ધોરણ૧૦ માં ૭૬ ટકા સાથે પાસ થઈ હતી, હવે સીધી જ ધોરણ ૧૨ માં બ્રૈલી માં દેશભરના વિદ્યાર્થીઓ સાથે હરીફાઈ માં પરીક્ષા આપશે.

આખા ગુજરાતમાં ચાલતી વિવિધ અંધ શાળાઓમાં અંગ્રેજી માધ્યમ નો અભ્યાસ કરાવવામાં આવતો નથી તયારે કલગીએ પહેલા ધોરણ થી જ અંધશાળા ને બદલે સામાન્ય શાળામાં નોર્મલ વિદ્યાર્થીઓ સાથે અભ્યાસ કર્યો છે અને પોતાની અલગ ઓળખ ઉભી કરી રહી છે,

કલગી ની શૈક્ષણિક કારકિર્દી માં તેણે કયારેય અંધ વ્યક્તિ માટેની બ્રઈલ લિપિમા અભ્યાસ કર્યો નથી પણ ટેકનોલોજીના માધ્યમથી મોબાઈલ ફોન અને લેપટોપના ઉપયોગની સાથે પરિવાર અને મિત્રોની મદદથી આગળ વધી રહી છે.

# પ્રાંતિજની મહિલાને મારઝૂડ કરી ગાળો બોલી દહેજની માંગણી કરી ઘરમાથી કાઢી મુકતા પોલીસ ફરિયાદ

## પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ત્રણ મહિલા ત્રણ પુરૂષ સહિત છ સામે પોલીસ ફરિયાદ : પતિ, સાસુ, દિયર, દેરાણી, નણંદ, મામા સસરા સહિત છ વિરૂધ્ધ પોલીસ ફરિયાદ

પ્રાંતિજ, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજની મહિલાને તેના સાસરીયાવાળા ત્રાસ આપી દહેજની માંગણી કરી અવરનવર મારઝૂડ કરી ગાળો બોલી ગડદાપાટુનો માર મારી ઘરમાથી કાઢી મુક્તા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં મહિલા દ્વારા પતિ, સાસુ, દિયર, દેરાણી, નણંદ, મામા સસરા સહિત છ વિરૂધ્ધ પોલીસ ફરિયાદ કરવામાં આવી છે.

પ્રાંતિજની મહિલાના લગ્ન વડોદરા ખાતે રહેતા ચાર્મિસ ગોવિંદભાઈ કહાર સાથે સમાજના રીતરીવાજ મુજબ થયા હતા અને તેના સાસરીયાઓ દ્વારા અવરનવર દહેજની માંગ કરી ત્રાસ આપીને મારઝૂડ કરી ગાળો બોલી ગડદાપાટુનો માર મારી ઘરમાંથી કાઢી મુક્તા મહિલા દ્વારા પતિ ચાર્મિસ ગોવિંદભાઈ કહાર, સાસુ લીલાબેન ગોવિદભાઈ કહાર, દિયર યશરાજભાઈ ગોવિદભાઈ કહાર, દેરાણી રોમાબેન યશરાજભાઈ કહાર, નણંદ રિધ્ધીબેન રાજદીપભાઈ કહાર, મામા સસરા મહેશભાઈ સુદામાભાઈ કહાર તમામે તમામ રહે. વડોદરા, ૫૭/સહજાનંદ એપાર્ટમેન્ટ આયુર્વેદિક ત્રણ રસ્તા પાણીગેટ, જી.વડોદરા સહિત છ વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં મહિલા દ્વારા પોલીસ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે દહેજ પ્રતિબંધક આઈપીસી કલમ ૪૯૮-એ, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) ૧૧૪ મુજબ ગુનો નોધી આગળની તપાસ હાથ ધરી છે.

## હાઈવે પર વાહનચાલકોને રોકી લૂંટ મચાવતી ગેંગ અંતે પકડાઈ

અમદાવાદ, તા. ૬

મોરબી નજીકના અમરેલી ગામના પાટીયા પાસેથી શુક્રવારે રાતના દસેક વાગ્યે વાહનચાલકોને આંતરીને લૂંટ કરવામાં આવી હતી. ૪.૨૧ લાખના મુદ્દામાલની લૂંટ થઈ હતી. મોરબી તાલુકા પોલીસ સ્ટેશને આ અંહે ૪.૨૧ લાખના મુદ્દામાલની લૂંટ થઈ હોવાની ફરિયાદ નોંધાઈ હતી. એક-બે નહિ, પરંતુ જુદા-જુદા ૧૫ થી વધુ વાહનચાલકોને રોકીને તેમણે ધમકાવવામાં આવ્યા હતા અને તેઓના વાહનોમાં નુકશાની કરવામાં આવી હતી. આ ગુનામાં મોરબીના જ વીસીપરા વિસ્તારમાં રહેતા બે શખ્સોની પોલીસે ધરપકડ કરી છે. બંને પાસેથી ૬ મોબાઈલ, બે છરી અને બે વાહન કબજે કરાયા છે. લૂંટમાં ગયેલા રૂપિયાને રિકવર કરવા માટેની કવાયત પોલીસે હાથ ધરી છે.

મોરબીના નવલખી ફાટકથી હાઈવે તરફ જવાના રસ્તે વચ્ચે આવતા અમરેલી પાટીયા પાસે શુક્રવારની રાતના સમયે લૂંટનો બનાવ બન્યો હતો. જેમાં ત્રણ શખ્સોએ ત્યાંથી નીકળતા વાહન ચાલકોને રોકીને લૂંટ કરી હતી. મોરબીના કારખાનાથી ઘરે જતા રોહીત દયાલ નામના યુવાનને રોકીને તેને છરી મારીને તેની પાસેથી ૬૪૦૦ ની રોકડ લૂંટી લેવામાં આવ્યા હતા.

### ટ્રેક્ટર રેલી

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ રેલીમાં ગડબડ થવાના ઈનપુટ્સ પણ મળ્યા છે. કેટલાક પાકિસ્તાનના ટ્વિટર હેન્ડલ પર અમારી નજર છે. દિલ્હી પોલીસના સ્પેશિયલ કમિશનરે કહ્યુ કે, કિસાનોની સાથે તમામ પાસાઓ પર વાત થઈ છે. સંપૂર્ણ સન્માન સાથે ટ્રેક્ટર રેલી નિકળે તે અમારો પ્રયાસ છે. ટ્રેક્ટર રેલીમાં ગડબડીને લઈને પાકિસ્તાનથી ટ્વિટર હેન્ડલ ચલાવવામાં આવી રહ્યાં છે. તેવા ૩૦૮ ટ્વિટર હેન્ડલની જાણકારી મળી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા ઘણા સમયથી ખેડૂત આંદોલન ચાલી રહ્યું છે. નવા કૃષિ કાયદાના વિરોધમાં ખેડૂતો આંદોલન પર ઉતરી ગયા છે. આંદોલનમાં અનેક લોકોના મોત થયા છે અને ઘણા લોકોએ આત્મહત્યા પણ કરી લીધી છે. ૨૬મી જાન્યુઆરીએ દિલ્હીમાં ટ્રેક્ટર રેલીને લઈને વાતચીત ચાલી રહી છે. ઘણા સમયથી ટ્રેક્ટર રેલી યોજવાને લઈને પોલીસ દુવિધામાં હતી પરંતુ આજે રેલીને શરતી મંજુરી આપી દેવામાં આવી છે.

### વધારી રહ્યું છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારતે તાજેતરમાં જ ચીનના બે સૈનિકોને પાછા પહોંચાડ્યા છે, જે રસ્તો ભૂલી ગયા હતા અને ભારતની સરહદમાં આવી ગયા હતા. મેમાં તણાવ શરૂ થયા બાદ ચીનની સેના એલએસીની નજીક ૮ કિમી અંદર સુધી આવી ગઈ હતી અને પૂર્વ લદાખમાં ઘણી જગ્યાએ તંબૂ લગાવી દીધા હતા. ભારત તરફથી વિરોધ કરવા છતાં ચીનની સેના પાછી ન હતી અને બંને દેશોની સેનાઓએ વધારાના સૈનિકો સરહદ પર તૈનાત કરી દીધા. સાથે જ ટેંક, આર્ટિલરી અને હવાઈ હુમલા કરવાની પણ પૂરી તૈયારી સરહદ પર થવા લાગી. ગત વર્ષે ઓગસ્ટમાં ભારતીય સૈનિકોએ પેંગોંગ ત્સોના દક્ષિણ કિનારે કબજો કરી લઈ ચીનના સૈનિકોને ચોંકાવી દીધા હતા. ભારતીય સૈનિક ગુરુંગ હિલ, મગર હિલ, મુખપરી, રેચિન લા અને રેજેંગ લામાં પણ પોતાના દબદબો કાયમ કરવામાં સફળ રહ્યા.

### ઠંડીનું મોજુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતુ. જે ૨૩મી જાન્યુઆરીના રોજ સહેજ વધીને ૧૧.૮ ડિ.સે. જેટલુ નોંધાયુ હતુ. આજે પુનઃ ઠંડીનું જોર વધતા જનજીવન પર તેની સીધી અસર જોવા મળી રહી છે. ગાંધીનગરના માર્ગો સાંજ પડતા જ ઠંડીની અસર હેઠળ સુના થઈ ગયા હતા. લઘુત્તમ તાપમાન ૯ ડિગ્રીએ પહોંચી જતા બાળકો અને વડીલોની હાલત કફોડી બની હતી. વડીલોએ દિવસ દરમ્યાન તડકો માણી ઠંડીને ઉડાડવાનો પ્રયાસ કર્યો હતો. ખુલ્લામાં ઝુંપડા બાંધીને રહેતા પરિવારોએ તાપણાં કરીને ઠંડીને ઉડાડવાનો પ્રયાસ કર્યો હતો. ઠંડા પવનોએ તેમની હાલત વધુ કફોડી બનાવી હતી. આગામી બે-ત્રણ હજુ આવી જ ઠંડી યથાવત રહેશે તેવી આગાહી વ્યક્ત કરવામાં આવી છે.

# બનાસકાંઠામાં સાધુ વેશમાં આવેલા ૩ લૂંટારા ઝડપાયા

## લૂંટારૂઓની કાર રેતાળ વિસ્તારમાં ફસાઈ ગઈ હતી જે બાદ લોકોએ ફિલ્મ ઢબે તમામ લૂંટારૂઓને ઝડપી લીધા

બનાસકાંઠા, તા. ૨૪

બનાસકાંઠાના દાંતીવાડા તાલુકાના જાત-ભાડલીમાં લૂંટની વિચિત્ર અને ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં ભિક્ષુકનો વેશ ધારણ કરીને આવેલા ત્રણ જેટલા લૂંટારૂઓ સોના સહિત રોકડ લઈને ફરાર થવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન લૂંટારૂઓની હરિયાણા પાસિંગની કાર રેતાળ વિસ્તારમાં ફસાઈ ગઈ હતી. જે બાદ સ્થાનિક લોકોએ ફિલ્મ ઢબે તમામ લૂંટારૂઓને ઝડપી લીધા હતા.

ઘટનાની વિગતો મુજબ, બનાસકાંઠાના દાંતીવાડાના જાત-ભાડલી ગામે ત્રણ લૂંટારૂ શખ્સો સાધુ બનીને કારમાં આવ્યા હતા. અહીં રસ્તો પૂછવાના બહાને તેમણે રાહદારીને કંઈક પ્રવાહી પીવડાવ્યું, આ પાણીમાં નશીલો પદાર્થ હોઈ રાહદારી બેભાન જેવો થઈ ગયો હતો. રાહદારી કંઈ સમજે તે પહેલા જ આ ત્રણેય લોકો સોનાંની મરકી તથા રોકડ સહિતનો મુદ્દામાલ લઈને ફરાર થઈ ગયા હતા. જો કે લૂંટના ભોગ બનેલા વ્યક્તિએ ગામના લોકોને જાણ કરતા ગામના લોકોએ તેમની કારનો ટ્રક્ટરમાં પીછો કર્યા હતો અને કાર રેતાળ જમીનમાં કાર ફસાઈ જતાં લૂંટારૂને રંગે હાથે ઝડપી પાડ્યાં હતા.

લૂંટારૂઓની કારે રેતાળ વિસ્તારમાં તેમને દગો આપતા તેઓ કાર સાથે ફસાઈ ગયા હતા. એવામાં ગામલોકો આ લૂંટારૂઓને ઝડપી પાડીને પાંથાવાડા પોલીસ મથકમાં સોંપ્યા હતા. હરિયાણા પાસીંગની મારૂતિ સ્વીફ્ટ ડિઝાયર કાર લઈને આવેલા ત્રણ શખ્સોની પૂછપરછ ચાલી રહી છે અને તેમની કાર પણ જપ્ત કરવામાં આવી છે. આ લૂંટારૂઓ અગાઉ પણ જિલ્લામાં આ પ્રકારની ઘટનાઓને અંજામ આપી ચુક્યા હોવાનું કહેવામાં આવી રહ્યું છે. તેમની કોઈ ટોળકી પણ અહીં સક્રિય છે. અત્યારે પોલીસ આ ત્રણેયની પૂછપરછ કરી રહી છે.